ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

અખબારી યાદી                                                                 તા. ૦૫-૦૨-૨૦૨૬

- 30 વર્ષ થી દર વર્ષે કરોડો રૂપિયાના ખર્ચ પછી પણ ડાંગ અને આદિવાસી વિસ્તારોમાં બાળકો કુપોષિત કેમ?: - શ્રી અમિત ચાવડા
- 2006 માં કેન્દ્રની કોંગ્રેસ સરકાર વન અધિકારનો કાયદો લાવી, આજે 20 વર્ષ પછી પણ ભાજપ સરકાર આદિવાસીઓને જંગલ જમીનનો અધિકાર આપતી નથી: -શ્રી અમિત ચાવડા
- ભાજપના નેતાઓ અને ભ્રષ્ટાચારી મળતીયાઓએ 'નલ સે જલ' યોજનાને "નલ સે ધન " યોજના બનાવી દીધી: શ્રી અમિત ચાવડા
- હપ્તાખોર સરકારને કારણે ગામે ગામ પીવાના પાણી માટે લોકોના વલખાં પણ પણ દારૂની રેલમછેલ - શ્રી અમિત ચાવડા
- વિકાસના નામે આદિવાસીઓ પાસેથી ડુંગરો, જંગલો, પાણી અને પ્રકૃતિ છીનવવાનો પ્રયત્ન થઈ રહ્યો છે - શ્રી અમિત ચાવડા
- ડાંગ જિલ્લામાં મનરેગામાં કામ મંજુર કરાવવું હોય તો પહેલાં એડવાન્સમાં કમિશન લેવામાં આવે છે - શ્રી અમિત ચાવડા*
- આદિવાસી સમાજને બધાજ હક અને અધિકાર કોંગ્રેસ સરકારોએ આપ્યા : ડૉ. તુષાર ચૌધરી

જન આક્રોશ યાત્રાના ૩જા ફેજમાં દક્ષિણ ગુજરાતમાં ચાલી રહેલ યાત્રા દરમિયાન ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડાએ આજે સવારે 9:00 વાગે વાંસદા થી પ્રસ્થાન કરીને વઘઈ, પીપરી મેઈન રોડ, આહવા, સુબીરથી થઈને ઉચ્છલ પહોંચી હતી.

જન આક્રોશ યાત્રાના દક્ષિણ ગુજરાતમાં ચોથા દિવસે આજે નવસારી જિલ્લામાંથી ડાંગ જિલ્લામાં પ્રવેશ કરતાં વઘઈ ખાતે ખૂબ ઉમળકાભેર આદિવાસી સંસ્કૃતિના તાલે નૃત્ય કરીને બધાએ દિલના ઉમળકાથી યાત્રાનું સ્વાગત કર્યું હતું અને યાત્રાને સ્થાનિક લોકોએ સમર્થન કર્યું હતું. લોકોએ યાત્રામાં આવીને જે પ્રશ્નો રજૂ કર્યા હતા કે,"અમે વર્ષોથી આ જળ, જંગલ, જમીનનું સિંચન કર્યું છે, એનું રક્ષણ કર્યું છે, એનું પોષણ કર્યું છે એવા આદિવાસી સમાજને આજે એની જળ, જંગલ અને જમીનથી દૂર કરવાના પ્રયત્નો થઈ રહ્યા છે. વિકાસના નામે એમની પાસેથી આ ડુંગરો, આ જંગલો, આ પાણી, આ પ્રકૃતિ છીનવવાનો પ્રયત્ન થઈ રહ્યો છે.

કોંગ્રેસની સરકારે વન અધિકારનો જે કાયદો લાવ્યા, આજે વીસ વર્ષ થયા તેમ છતાં સેંકડોની સંખ્યામાં હજુ પણ દાવાઓ પેન્ડિંગ છે એ આદિવાસી સમાજને એના જમીનના પટ્ટાઓની સનદો નથી આપતા એનો આક્રોશ લોકોએ વ્યક્ત કર્યો છે. આ વિસ્તારમાં મનરેગામાં વ્યાપક પ્રમાણમાં ભ્રષ્ટાચાર થાય છે, ધારાસભ્યના નજીકના લોકો દ્વારા મનરેગામાં કામ કરાવવું હોય તો પહેલાં એડવાન્સમાં કમિશન લેવામાં આવે છે એવી ફરિયાદો મળી. સાથે સાથે નલ સે જલ યોજનામાં મોટો ભ્રષ્ટાચાર છે. અહીંયાં કોઈ સ્થાનિક રોજગારની વ્યવસ્થાઓ નથી એટલે અહીંથી લોકોને રોજગાર માટે દૂર દૂર જવું પડે છે. શહેરીના કામે અહીંયાથી હજારોની સંખ્યામાં લોકોએ કામ કરવા જવું પડે છે. એ જ રીતે અહીંયા શિક્ષણની વ્યવસ્થાઓ નથી, આરોગ્યની જે વ્યવસ્થાઓ છે એમાં પણ ડોક્ટરો નથી, નર્સો નથી, પૂરતો સ્ટાફ નથી, સાધનો નથી એટલે બધી જ રીતે આ વિસ્તારના લોકો હેરાન પરેશાન છે.

યાત્રા દરમિયાન આદિવાસી વિસ્તારના લોકોની ફરિયાદ સાંભળી, ચર્ચા કરીને શ્રી અમિત ચાવડાએ જણાવ્યું કે, "એક બાજુ આદિવાસીઓની પ્રકૃતિ એમની  જમીન અને જંગલો છીનવી લેવાનો પ્રયત્ન થાય અને બીજી બાજુ એમને ઘરમાંથી દૂર કરી કોઈપણ જાતની સુવિધા નહીં આપી અને પછાત અને મજૂરી કરતા જ રહે એવી શાસનની આ નીતિ છે, એની સામે લોકોમાં ખૂબ આક્રોશ છે.  હું ચોક્કસ કહું કે આ જન આક્રોશ યાત્રા જે આજે ડાંગ જિલ્લામાં ફરી રહી છે, લોકો એમાં જોડાઈ રહ્યા છે, લોકો ખુલીને બોલી રહ્યા છે અને સરકારની નિષ્ફળતાઓ, સરકારનો ભ્રષ્ટાચાર, સરકારનો ગેરવ્યવહાર, ભાજપના લોકોની ઉઘાડી લૂંટ આજે લોકો ખુલ્લી કરી રહ્યા છે. 2006માં કેન્દ્રની કોંગ્રેસ સરકાર વન અધિકારનો કાયદો લાવી, આજે 20 વર્ષ પછી પણ ભાજપ સરકાર આદિવાસીઓને  જંગલ જમીનનો અધિકાર આપતી નથી'

શ્રી અમિત ચાવડાએ મીડિયાને જણાવ્યું હતું કે આજે ગુજરાતમાં ચારે તરફ જ્યારે જન આક્રોશ યાત્રામાં અમે લોકોની વચ્ચે ગયા એ ઉત્તર ગુજરાત હોય, સૌરાષ્ટ્ર હોય, મધ્ય ગુજરાત હોય કે દક્ષિણ ગુજરાત હોય બધી જ બાજુ એક જ અવાજ છે કે ગુજરાતમાં દારૂબંધીનો કાયદો છે. પણ આ ભાજપની ભ્રષ્ટાચારી હપ્તાખોર સરકારને કારણે એક એક ગામમાં એક એક ગલીમાં પીવાનું પાણી નથી મળતું પણ દારૂની રેલમ છેલ છે અને દારૂ કરતાં પણ હવે ગાંજો, ચરસ અને ડ્રગ્સથી ગુજરાતની યુવા પેઢી બરબાદ થાય છે.

તેમણે જણાવ્યું હતું કે હમણાં આપણાં દેશની સાંસદમાં પણ જે ડેટા બહાર આવ્યા કે છેલ્લા છ વર્ષમાં ગુજરાતમાંથી એક લાખ ત્રીસ હજાર કિલોગ્રામ જેટલું ડ્રગ્સ અને નશીલા દ્રવ્ય પકડાયા અને એ જ રીતે જોઈએ તો એક આંકડા છે કે મોટે ભાગનું ડ્રગ્સ ગુજરાતના દરિયાકાંઠેથી આવ્યું એટલે ગુજરાત ડ્રગ્સનું લેન્ડિંગ હબ બની ગયું છે. જે રીતે ગુજરાતમાં મેન્યુફેક્ચરિંગ થાય છે જે રીતે દિવસે દિવસે મેન્યુફેક્ચરિંગની ફેક્ટરીઓ પકડાય છે તો ગુજરાત ડ્રગ્સનું મેન્યુફેક્ચરિંગ હબ પણ બની ગયું છે. આ જ ગુજરાતમાંથી ડ્રગ્સ આજુબાજુના રાજ્યો અને બીજે વિસ્તારોમાં જાય છે. એનો મતલબ કે ગુજરાત ડ્રગ્સનું ટ્રેડિંગ હબ પણ બની ગયું છે અને આ ભાજપની હપ્તાખોરીને કારણે આજે ગુજરાતનો એક એક પરિવાર ચિંતિત છે કે એનો દિકરો દિકરી આજે ડ્રગ્સના રવાડે તો નહીં ચઢી જાય ને?.  આ નશાના રવાડે ચઢીને ગુજરાતની યુવા પેઢી બરબાદ થઈ રહી છે અને આજે એવી સ્થિતિનું નિર્માણ થયું છે કે જો તાત્કાલિક લોકજાગૃતિ નહીં આવે, આ હપ્તાખોર સરકારને દૂર નહીં કરીએ તો આવનારા સમયમાં આપણે દુઃખ સાથે કહેવું પડે કે ગુજરાત આ નશાના કારણે ઉડતા ગુજરાત બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે.  ડ્રગ્સ અને દારૂના મુદ્દે અમિત ચાવડાએ જાહેર જનતા વિનંતી કરતાં જણાવ્યું હતું કે મારી તમામ લોકોને વિનંતી છે કોંગ્રેસ પક્ષ દ્વારા નશા મુક્ત ગુજરાત અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. અમારી એનએસયુઆઈ વિદ્યાર્થી પાંખ દ્વારા ડ્રગ્સ ફ્રી કેમ્પસની અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. ત્યારે આવો સાથે મળી આ હપ્તાખોર સરકારને પણ સાન ઠેકાણે લાઈએ અને ગુજરાતની યુવા પેઢીને નશાથી બચાવીએ.

ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડૉ. તુષાર ચૌધરીએ જણાવ્યું હતું કે આદિવાસી સમાજને બધાજ હક અને અધિકાર કોંગ્રેસ સરકારોએ આપ્યા, ડાંગ કે તાપીમાંથી પહેલાં કોઈ દિલ્લી સુધી ન હતું ગયું પણ કોંગ્રેસે  આપણે વિશેષ હક અધિકાર આપ્યા, અને આપણાં સમાજને પ્રતિનિધિત્વ આપ્યું.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ધ્વારા સમગ્ર ગુજરાતને,  લોકોના મુદ્દાઓ, સમસ્યાઓ અને જન રજુઆત સાંભળવા માટે જન આક્રોશ યાત્રા શરૂ કરવામાં આવી છે.  આ જન આક્રોશ યાત્રા ત્રીજા ફેઝમાં ગુજરાતના આદિવાસી બહુ મૂલ્ય વિસ્તાર દક્ષિણ ગુજરાતમાં તેના ચાલી રહી છે. વલસાડ જિલ્લાના કપરાડાથી શરૂ થયેલી આ યાત્રા નર્મદા જિલ્લાના ડેડીયાપાડામાં સમાપ્ત થશે, આજની જથા દિવસની યાત્રામાં વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડૉ તુષારભાઈ ચૌધરી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતીના સહ પ્રભારી બી.વી શ્રીનિવાસજી,ગુજરાત યુવા કોંગ્રેસ ઉપાધ્યક્ષ સંજય નિનામા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતી આદિવાસી વિભાગના પ્રમુખ શ્રી રાજેન્દ્ર પારગી સહિત જીલ્લા/તાલુકાના પદાધિકારી હાજર રહ્યા હતા.

હેમાંગ રાવલ
મીડિયા કોર્ડીનેટર અને પ્રવક્તા, ૯૮૯૮૨૩૩૦૩૮